પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
કચેરી ટે. નં. ૦૨૬૫ ૨૪૨૩૯૫૦, ફેકસ નં. ૨૪૩૨૫૮૨
EPBX નં. ૨૪૩૬૯૯૯ - ૨૪૩૫૯૪૭
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક : G/CP/વિ.શા./SSC-HSC-૨૦૨૦ પુરકપરીક્ષા/જાહેરનામું૩૯૯૮/૨૦૨૦
વડોદરા, તારીખ૨૩ /૦૮/૨૦૨૦

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર આગામી S.S.C.તથા H.S.C.પરિક્ષા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) નાં પુરક પરિક્ષા-૨૦૨૦ તારીખ ૨૫/૦૮/૨૦૨૦ થી તારીખ ૨૮/૦૮/૨૦૨૦ દરમ્યાન લેવામાં આવનાર છે.

આ પરિક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરિક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરિક્ષા મુકત ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરિક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું આર. બી. બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર :-૪૨૨/C.R.C./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓને એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૫/૦૮/૨૦૨૦ થી તારીખ ૨૮/૦૮/૨૦૨૦ સુધી કલાક ૦૯:૦૦ થી ૧૯:૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: <u>કૃત્યો</u> :-

વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (શાળાઓ) માં પરિક્ષા લેવાનાર છે જે-તે પરિક્ષા કેન્દ્રોની શાળાઓના પરિક્ષા ખંડની અંદર તારીખ ૨૫/૦૮/૨૦૨૦ થી તારીખ ૨૮/૦૮/૨૦૨૦ દરમ્યાનના કલાક: ૦૯:૦૦ થી ૧૯:૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે, ઇલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી, તથા પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦-મીટરના અંતરમા ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી, કે લાઉડ સ્પિકર વગાડી શકશે નહી



Scanned by CamScanner

-: <u>વિસ્તાર</u> :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમા આવેલ તમામ S.S.C.તથા H.S.C. પરિક્ષા કેન્દ્રની શાળાઓ/હાઇસ્કુલની વિગત નિચે મુજબ છે.

<u>પત્રક-અ</u>

**S.S.C.-૨૦૨૦ પરીક્ષા કેન્દ્રોનુ પત્રક :-**

(૧) રાવપુરા ઝોન-૩૨

| અ.નં | કેન્દ્રનું નામ | ક્રમ | શાળાનું નામ | પોલીસ સ્ટેશન |
|---|---|---|---|---|
| ૧ | રાવપુરા -૩૨ | ૧ | કોન્વેન્ટ ઓફ જસીસ એન્ડ મેરી હાઇસ્કુલ | ફતેગંજ |
| | | ૨ | રોઝરી હાઇસ્કુલ, પ્રતાપગંજ | સયાજીગંજ |
| | | ૩ | સેન્ટ જોસેફ હાઇસ્કુલ, સરદારનગર બસ સ્ટેન્ડ | ફતેગંજ |
| | | ૪ | હિલ મેમોરીયલ હાઇસ્કુલ | સયાજીગંજ |
| | | ૫ | સરદાર વિનય મંદીર કારેલીબાગ | કારેલીબાગ |
| | | ૬ | યુનિવર્સિટી એક્ષ્પેરીમેન્ટલ હાઇસ્કુલ | સયાજીગંજ |
| | | ૭ | શ્રી કૃષ્ણ હિન્દી વિધાલય, કારેલીબાગ | કારેલીબાગ |
| | | ૮ | જીવન સાધના (અં.મા.) ભુતડીઝાંપા, કારેલીબાગ | કારેલીબાગ |
| | | ૯ | જીવન ભારતી વિધાલય, કારેલીબાગ | કારેલીબાગ |
| | | ૧૦ | શ્રી તુલસીદાસ આર. પટેલ વિધ્યાલય, નિઝામપુરા | ફતેગંજ |
| | | ૧૧ | જીવન ચેતના, ન્યુ સમા રોડ | સમા |
| | | ૧૨ | R.C. પટેલ નવયુગ વિધાલય, ફતેગંજ | ફતેગંજ |
| | | ૧૩ | નવરચના વિધ્યાની વિધ્યાલય, ન્યુ સમા રોડ | સમા |
| | | ૧૪ | નવયુગ વિધ્યાલય અંગ્રેજી માધ્યમ, ન્યુ સમા રોડ | સમા |
| | | ૧૫ | એમ.જી.એમ સ્કુલ ન્યુ સમા રોડ | સમા |
| | | ૧૬ | કેળવણી ટ્રસ્ટ વિધ્યાલય, અકોટા | ગોત્રી |
| | | ૧૭ | વિધ્યુત બોર્ડ વિધ્યાલય (ગુજરાતી માધ્યમ), જુના પાદરા રોડ | ગોત્રી |
| | | ૧૮ | વિધ્યુત બોર્ડ વિધ્યાલય (અંગ્રેજી માધ્યમ), જુના પાદરા રોડ | ગોત્રી |
| | | ૧૯ | બરોડા હાઇસ્કુલ, ONGC | મકરપુરા |
| | | ૨૦ | શ્રેયસ વિધ્યાલય (અંગ્રેજી માધ્યમ), માંજલપુર | મકરપુરા |
| | | ૨૧ | ઓક્ઝેલીયમ કોન્વેન્ટ સ્કુલ (અંગ્રેજી માધ્યમ), મકરપુરા રોડ | માંજલપુર |
| | | ૨૨ | ન્યુ એરા હાઇસ્કુલ, મકરપુરા રોડ | મકરપુરા |
| | | ૨૩ | પંચશિલ વિધ્યાલય, GIDC | માંજલપુર |
| | | ૨૪ | મહાત્મા ગાંધી વિધ્યાલય, લાલબાગ ક્રોસિંગ | માંજલપુર |
| | | ૨૫ | બેસિલ સ્કુલ (અંગ્રેજી માધ્યમ), તાંદલજા | જે.પી.રોડ |
| | | ૨૬ | શબરી વિધ્યાલય, સૈયદ વાસણા રોડ | ગોત્રી |
| | | ૨૭ | ઉત્કર્ષ વિધ્યાલય, ગદા પુરા | ગોત્રી |
| | | ૨૮ | સત્યનારાયણ વિધ્યાલય, લક્ષ્મીપુરા રોડ, ગોરવા | ગોરવા |
| | | ૨૯ | ગાયત્રી વિધ્યાલય, ગોત્રી | ગોત્રી |
| | | ૩૦ | એલેમ્બિક વિધ્યાલય, એલેમ્બિક કોલોની | ગોરવા |



Scanned by CamScanner

પત્રક – બ(૧)

❖ **H.S.C.- ૨૦૨૦ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષા કેન્દ્રોનું પત્રક**

**સયાજીગંજ ઝોન-૧૫**

| અ.નં. | કેન્દ્રનું નામ | ક્રમ | શાળાનું નામ | પોલીસ સ્ટેશન |
|---|---|---|---|---|
| ૧ | માંડવી-૭૯ | ૧ | સરદાર વલ્લભભાઇ વિધાલય,નવજીવન, આજવા રોડ | બાપોદ |
| | | ૨ | લાલબહાદુર શાસ્ત્રી વિધ્યાલય, સંગમ ચાર રસ્તા, | કારેલીબાગ |
| | | ૩ | સાધુવાસવાણી વિધ્યામંદીર, ન્યુ વી.આઇ.પી. રોડ | વારસીયા |
| | | ૪ | ડોન બોસ્કો હાઇસ્કુલ, આકાશવાણી પાસે, મકરપુરા | મકરપુરા |
| | | ૫ | બરોડા હાઇસ્કુલ બગી ખાના | નવાપુરા |
| | | ૬ | નવજીવન હાઇસ્કુલ બગી ખાના રોડ | નવાપુરા |

-: અપવાદ :-

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડના તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ ઇન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :-૨૩ -ઓગષ્ટ-૨૦૨૦ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(આર. બી. બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર, વડોદરા.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ(નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

D:/SSS-HSC-Jahernama-2020 purak exam shruti.1.docx

Scanned by CamScanner

**જય ભારતસહ નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.

(૬) રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.

(૭) રજીસ્ટારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૮) રજીસ્ટારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૯) રજીસ્ટારશ્રી, ચીફ જયુડીશીયલ મે.કોર્ટ, વડોદરા.

(૧૦) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૨) કલેકટર અને જિલ્લા મેસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૧૩) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.,વડોદરા.

(૧૫) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૬) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ).

(૧૭) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીયન, વડોદરા.

(૧૮) મામલતદાર અને એકકયુટીવ મે.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૯) મામલતદાર અને એકકયુટીવ મે.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૨૦) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.



Scanned by CamScanner